| Publication: Financial Express (Gujarati) | Edition: Ahmedabad |
|---|---|
| Date: September 27, 2016 | Page: 14 |



# એચપીએલ ઈલેક્ટ્રીક એન્ડ પાવરનો આઇપીઓ સંપૂર્ણપણે છલકાઇ ગયો

પીટીઆઈ
નવી દિલ્હી, તા.૨૬

એચપીએલ ઈલેક્ટ્રીક એન્ડ પાવરનું પ્રારંભિક જાહેર ભરણું (આઈપીઓ) અંતિમ દિવસે સંપૂર્ણ ભરાઈ ગયું હતું. આજે બપોર સુધીમાં પ્રારંભિક જાહેર ભરણા માટે રજૂ કરવામાં આવેલ ઈસ્યુના કુલ કદ ૧,૪૪,૪૦,૦૦૦૧ શેર સામે ૧,૫૩,૭૪,૨૪૦ શેરની બિડ પ્રાપ્ત થઈ હતી, તેમ નેશનલ સ્ટોક એક્સચેન્જ (એનએસઈ) ખાતે ઉપલબ્ધ માહિતીમાં જણાવાયું હતું. ક્વોલિફાઈડ ઈન્સ્ટિટ્યુશનલ બાયર્સ (ક્યુઆઈબી) માટે નક્કી કરાયેલ ક્વોટામાં ભરણુ ૩૬ ટકા ભરાયુ હતું જ્યારે નાના રોકાણકારોના હિસ્સામાં ભરણુ ૧.૦૫ ગણુ ભરાયુ હતું. એચપીએલ ઈલેક્ટ્રીક દ્વારા શેરદીઠ રૂ.૨૦૨ વેચાણ કિંમતથી એન્કર ઈન્વેસ્ટર્સ પાસેથી રૂ.૧૦૮ કરોડનું ભંડોળ એકત્રિત કરવામાં આવેલ છે. રૂ.૩૬૧ કરોડની કિંમતના જાહેર ભરણા માટેની કિંમત શેરદીઠ રૂ.૧૭૫-૨૦૨ નક્કી કરવામાં આવેલ છે. આ જાહેર ભરણુ ૨૨મી સપ્ટેમ્બરના રોજ ખુલ્યુ હતું અને આજે બંધ થયેલ છે. જાહેર ભરણાની પ્રક્રિયા મારફતે એકત્રિત કરવામાં આવનાર ભંડોળનો લોનની પરત ચુકવણી, કાર્યકારી મૂડીની જરૂરિયાત પૂર્ણ કરવા તેમ જ સામાન્ય કોર્પોરેટ ઉદ્દેશોને પૂર્ણ કરવા માટે ઉપયોગ કરવામાં આવશે. આ શેરોનું બોમ્બે સ્ટોક એક્સચેન્જ (બીએસઈ) અને નેશનલ સ્ટોક એક્સચેન્જ (એનએસઈ) ખાતે લિસ્ટીંગ થશે. આ ઈસ્યુ એસબીઆઈ કેપિટલ માર્કેટ્સ, આઈસીઆઈસીઆઈ સિક્યુરિટીઝ અને આઈડીએફસી બેન્ક દ્વારા સંચાલન કરવામાં આવેલ છે. એચપીએલ ઈલેક્ટ્રીક દ્વારા મીટરિંગ સોલ્યુશન્સ, સ્વીચગીયર્સ, લાઈટીંગ ઈક્વિપમેન્ટ તેમ જ વાયર અને કેબલ સહિતના ઉત્પાદન સાથે સંકળાયેલ છે.